સીરામીક ઉદ્યોગને કોરોનાનું ગ્રહણ

સાબરકાંઠામાં અસંખ્ય સીરામીક એકમોના શટર પડવાની તૈયારી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ અને ઈડર સહિતના વિસ્તારોમાં કાર્યરત સીરામીક ઉદ્યોગોને કોરોનાનું ગ્રહણ લાગ્યું છે. છેલ્લા સવા વર્ષથી કોરોનાની વિકટ પરિસ્થિતિ અને હમણાંથી મુંબઈ, દિલ્હી સહિતના રાજ્યોમાં લૉકડાઉન લંબાવાતાં જિલ્લાના અસંખ્ય એકમોના શટર પડવાની ભીતી વ્યક્ત થઈ છે. અન્ય રાજ્યોમાં લૉકડાઉનના કારણે ઉદ્યોગકારોને ઉત્પાદન બંધ રાખવાની ફરજ પડી છે.

જિલ્લામાં હજારો કામદારોને સીરામીક ઉદ્યોગોમાં રોજગારી મળી રહી છે પરંતુ અગાઉ કાચો માલ, ગેસ, વીજળી અને કોલસો મોંઘો થતાં સીરામીક ઉદ્યોગ માટે માઠા દિવસો ચાલી રહ્યા હતા ત્યાં કોરોનાએ સીરામીક ઉદ્યોગને મૃતપાય અવસ્થામાં ધકેલી દીધો છે. કોરોનાની બીજી લહેર પછી સીરામીક ચીજવસ્તુઓની માંગમાં જબ્બર ઘટાડો થયો છે. સાબરકાંઠામાં કાર્યરત સીરામીક ઉદ્યોગકારોને ઉત્પાદન ઉપર પરાણે બ્રેક લગાવવાની ફરજ પડી છે. જિલ્લામાં ઉત્પાદિત વોલ અને ફ્લોર ટાઈલ્સની મોટી માંગ મહારાષ્ટ્ર, દિલ્હી અને બંગાળ સહિતના વિસ્તારોમાં થતી હોય છે પરંતુ હાલમાં અન્ય રાજ્યોમાં લૉકડાઉન લંબાવાતાં તેની માઠી અસર સીરામીક ઉદ્યોગને થવા લાગી છે. અન્ય રાજ્યોમાંથી હાલ એક્સપોર્ટ ઓર્ડર માટે જ કામગીરી થઈ રહી છે જેમાં કેટલાક એકમો તો બંધ થવાની તૈયારીમાં છે. જ્યારે સ્થાનિક કક્ષાએ પણ કોરોનાની મહામારી વકરતાં કામ કરનારા પરપ્રાંતિય અસંખ્ય કામદારો સલામતી માટે વતનમાં રવાના થઈ ગયા છે જેના કારણે ઉત્પાદનની કામગીરી ઉપર પણ તેની અસર થઈ છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ શરૂ થયું ત્યારથી કેટલાક ઉદ્યોગકારો તો દેવાના બોજા હેઠળ આવી જતાં હવે અન્ય રાજ્યોમાં તબક્કાવાર રીતે લૉકડાઉન લંબાતું ગયું તો અસંખ્ય એકમોના શટર પડવાની તૈયારી છે.

ગ્રોમોર-હિંમતનગરમાં વર્લ્ડનો ટોબેકો-ડેની ઉજવણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

હિંમતનગર સ્થિત ગ્રોમોર ઈન્સ્ટીટ્યુટ ઓફ આર્ટસના વિદ્યાર્થીઓ દ્વારા તા.૩૧ મે.ના રોજ વર્લ્ડ નો ટોબેકો-ડે ની આગવી રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ દિવસે વિદ્યાર્થીઓએ વિડીયો માધ્યમથી સમાજમાં તમાકુથી થતા રોગની માહિતી આપી વ્યસનથી દૂર રહેવા માટે સંદેશ આપ્યો હતો. કોલેજ સંકુલમાં વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓએ વ્યસન મુક્તિનો સચોટ સંદેશો આપતાં કોમર્સ એન્ડ આર્ટસ વિભાગના પ્રિન્સિપાલ પ્રો.જૈમિન ભટ્ટ, પ્રો.ભરત સુથાર, એમ.જી.એચ. શૈલેષ માકાની, ટ્રસ્ટી ડૉ.બી.એલ.પટેલ, એમ.એલ.પટેલ અને એચ.જે.પટેલ વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

ડીઝલના ભાવની સીધી અસર : જિલ્લામાં શાકભાજીના ભાવમાં ફરી વધારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કાળઝાળ ઉનાળામાં શાકભાજીના ભાવમાં ફરી વધારો થયો છે. ડીઝલના ભાવ વધારાની સીધી અસર ટ્રાન્સપોર્ટેશન ઉપર થઈ છે જેના કારણે અન્ય રાજ્યોમાંથી આયાત થતી શાકભાજી મોંઘી બની છે. જ્યારે તાજેતરમાં તાઉતે વાવાઝોડાના કારણે બાગાયતી પાકમાં સમાવિષ્ટ શાકભાજીના પાકને માઠું નુકસાન પહોંચતાં સ્થાનિક ઉત્પાદન ઘટ્યું છે અને શાકભાજીની માંગ વધુ રહેતાં ભાવ વધ્યા છે.

વધતી જતી મોંઘવારીમાં જીવન જીવવું દિવસે..દિવસે દુષ્કર બન્યું છે. જીવન આવશ્યક ચીજવસ્તુઓ ભાવ ઓછા થવાને બદલે સતત વધી રહ્યા છે. ઈંધણના ભાવમાં રોજ વધારો થઈ રહ્યો છે જેની સીધી અસર ખાદ્ય ચીજવસ્તુઓ ઉપર થઈ રહી છે. જિલ્લામાં શિયાળા દરમ્યાન શાકભાજીની ભરપૂર આવક થતાં ભાવમાં ઘટાડો થયો હતો જેના કારણે ગૃહીણીઓ તમામ પ્રકારની લીલી શાકભાજી હોંશે હોંશે ખરીદતી હતી પરંતુ ઉનાળો શરૂ થયો અને શાકભાજીની આવકમાં સ્વાભાવિક રીતે ઘટાડો થતાં સામાન્ય ભાવ ઉંચકાયા હતા પરંતુ હવે ઈંધણના ભાવ વધ્યા પછી ટ્રાન્સપોર્ટરોએ ભાડાં વધારતાં તેની સીધી અસર શાકભાજીના ભાવ ઉપર દેખાઈ છે. બંન્ને જિલ્લામાં કમોસમી માવઠાના કારણે સ્થાનિક શાકભાજીના ઉત્પાદનને ફટકો પડ્યો છે અને અન્ય રાજ્યોમાંથી આયાત થતી શાકભાજી ઉપર ટ્રાન્સપોર્ટનું ભારણ વધતાં સ્થાનિક શાકભાજીના હોલસેલ વેપારીઓએ હવે ભાવમાં વધારો કર્યો છે. જિલ્લામાં બટાકા, ડુંગળી, ગવાર, ચોરી, કારેલાં, ગીલોડાં, ટામેટાં સહિતની શાકભાજીમાં ભાવ વધતાં ગૃહીણીઓનું બજેટ કોરોના કાળમાં ફરી ખોરવાયું છે.

શાકભાજીના ભાવ ઉપર નજર...

શાકભાજી	ભાવ(૧ કીલો દીઠ)
બટાકા	રૂા.૧૬ થી ૨૦
ડુંગળી	રૂા.૨૫ થી ૩૦
ગવાર	રૂા.૫૦ થી ૬૦
ચોરી	રૂા.૫૦ થી ૬૦
કારેલાં	રૂા.૫૦ થી ૬૦
ગીલોડાં	રૂા.૬૦ થી ૮૦
રીંગણ	રૂા.૩૦ થી ૪૦
ભીંડા	રૂા.૪૦ થી ૫૦
ટામેટાં	રૂા.૩૦ થી ૪૦
ફુલાવર	રૂા.૪૦ થી ૫૦
દૂધી	રૂા.૨૦ થી ૩૦
કોબિઝ	રૂા.૨૦ થી ૩૦

અરવલ્લી આર. એન્ડ બી. સ્ટેટ વિભાગમાં ચાલતો અનહદ ભ્રષ્ટાચાર, વિઝીલન્સ તપાસની માંગ

ગંભીર આક્ષેપ સાથે ફરિયાદ રાજ્ય સરકારમાં પહોંચી

હિંમતનગર, તા.૦૧

અરવલ્લી આર. એન્ડ બી. સ્ટેટ વિભાગમાં છેલ્લા અઢી વર્ષથી ચાલી રહેલા અનહદ ભ્રષ્ટાચારની વિઝીલન્સ તપાસની માંગ અને ગંભીર આક્ષેપ સાથે રાજ્ય સરકારમાં ફરિયાદ પહોંચી છે. ફરિયાદમાં જે રીતે આક્ષેપ થયા છે તે જોતાં તળીયાથી ટોચ સુધી ભ્રષ્ટાચાર આચરાયાની આશંકા સેવાય છે.

સરકારી બાબુઓ માટે નવરચિત અરવલ્લી જિલ્લો દૂઝણી ગાય જેવો બની ગયો છે. આક્ષેપ કર્તાએ કરેલી ફરિયાદ અનુસાર મોડાસા, માલપુર તાલુકામાં આર. એન્ડ બી. સ્ટેટ દ્વારા થયેલા કામની ન્યાયિક તપાસ થાય તો નબળાં સ્ટ્રકચર, વાઈડરીંગ કામમાં યોગ્ય મટીરીયલ્સનો અભાવ અને ઓછા ડામર સાથે કામ પૂરા કરવામાં આવ્યા છે. ઉભરાણ-ગાબટ-બાયડને જોડતા માર્ગ પહોળો અને નવો બની રહ્યો છે તેની વિઝીલન્સ તપાસ થાય તો રૂા.૧૬ કરોડના કામમાં કેટલી હદે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે તે વિગતો પ્રકાશમાં આવે. મજૂરો દ્વારા જે કામ કરવામાં આવ્યાં તે કામમાં પણ અનેક પ્રકારે ખોટું થયેલું છે. છેલ્લા ૨ વર્ષથી આક્ષેપ કર્તાએ આર. એન્ડ બી. સ્ટેટના અધિકારીઓ વિરૂદ્ધ મુદ્દાસર રજૂઆત પછી પણ કોઈ તપાસ થઈ નથી જેથી આક્ષેપકર્તાએ કયા મહિને કેટલા કામોના ટેન્ડર આવ્યા, મંજૂર થયા અને તેમાં કેવા પ્રકારના મટીરીયલ્સનો ઉપયોગ થયો..?? તેની ૧૨ પાના સાથેની ફરિયાદ રાજ્ય સરકાર અને વિભાગના ઉચ્ચ અધિકારીઓ સુધી મોકલી છે. તપાસ થશે તો આર. એન્ડ બી. સ્ટેટમાં ચાલતી ટકાવારીની કટકીનો મોટાપાયે પર્દાફાશ થઈ શકે છે. અંદાજ અનુસાર આર. એન્ડ બી. સ્ટેટ અરવલ્લી જિલ્લામાં થયેલા રૂા.૩૬ કરોડના ડામર રોડના કામની નિષ્પક્ષ તપાસ થશે તો રેલો નડીયાદ, અમદાવાદ વાયા ગાંધીનગર સુધી પહોંચી શકે છે.

માન-ગુમાન નહિ મનમાં ન આણ્યું અભિમાન

૧૭ જેટલા અધિકારીઓ સાથે પડછાયાની જેમ રહ્યા, પડ્યો બોલ ઝીલ્યો બાબુએ....

બાબુ કલાસવા વર્ગ-૪ને કલાસ વન અધિકારીએ એક કલાકના સુલતાન બનાવી પોતાની ખુરશીમાં બેસાડી સન્માન સાથે વિદાય આપી : દિલ્હીથી સેવાની શરૂઆત હિંમતનગરમાં ૬૦ વર્ષે સમાપ્ત : આજે વિદાયવેળાએ પ્રાદેશિક માહિતી કચેરીના અમદાવાદના સંયુક્ત માહિતી નિયામક, ગાંધીનગર હેડ ઓફિસના નાયબ માહિતી નિયામક, હિંમતનગરના DDI અને સમગ્ર સ્ટાફની ઉપસ્થિતિમાં ભાવસભર વિદાય અપાઇ સ્વસ્થ તંદુરસ્તી માટે સૌએ શુભેચ્છા પાઠવી : એક અદના સેવક શ્રી બાબુલાલ કલાસવાએ ૧૭ જેટલા અધિકારીઓ સાથે કામ કર્યુ છે સૌ તેમની સેવાની કદર કરતા રહ્યા છે.

હિંમતનગર, તા. ૧

સરકારી ઓફિસમાં સેવકનું એક આગવું અને અગત્યનું કાર્ય હોય છે. ઓફિસની ચોકીદારી મોટાભાગે સેવકના હાથમાં હોય છે. અધિકારી અને સેવકનો સૂમેળ હોય તો ઓફિસનું વાતાવરણ સંચાલન સરળ અને સહજ ચાલતું હોય છે. ફરજ નિષ્ઠા, હુકમ પાલન અને કામકાજનું કઈ રીતે કાર્યપાલક કરવું તે અદના સેવકનું કર્તવ્ય હોય છે. ઓફિસમાં અધિકારીઓનું આગમન અને છેલ્લે ઓફિસ બંધ થાય ત્યાં સુધી સેવક અને અધિકારી સાથે સંવાદ ચાલતો હોય છે. તેમાં સંવેદના સાથે સૂર મળે તો કામ દિપી ઉઠે અને કામમાં કયાંય કચાશ રહે નહિ સારા અધિકારી મળે તો નસીબદાર પણ સારા સેવક મળે તો ભાગ્યશાળી ગણાય સેવકનું સર્વર અધિકારીની સફળતાની નિશાની હોય છે. સમગ્ર ઓફિસમાં પચાસ ટકા માહિતી સેવકના સર્વરમાં સંગ્રહાયેલી હોય જ છે. સેવા અને શિસ્તના પાલનનો પહેલો પહેરેદાર પટ્ટાવાળો જ હોય છે.

સરકારી સેવામાં નિમણૂક અને નિવૃતિ નિશ્ચિત હોય છે. પણ કર્મી જયારે નિવૃત થાય છે ત્યારે તેની સેવાની સુગંધ પ્રસર્યા વિના રહેતી નથી તમે કેવી સેવા કરી અને નિવૃતિ વેળાએ સન્માન સાથે સંવાદમાં સૌ સાથીઓ બે શબ્દો કહેતાહોફ તેમાં આખી સેવાનો નિચોડ આવી જતો હોય છે. પણ સૌ ના ભાગ્યમાં આવુ બનતુ નથી સેવકની સુવાસ દિલમાં ઉતરે તેમણે સાથી કર્મીઓ અધિકારીઓ આપેલા પ્રેમ હૂંફ નિષ્ઠા વફાદારી સાથે વિશ્વાસ સંપાદન કરો ત્યારે આ બધી નિપજ બહાર આવે છે.

ધનસુરા તાલુકાની આકરૂન્દ ગ્રામ પંચાયતમાં વિવેકાધીન યોજનાના મંજૂર થયેલા કામો રદ કરી અન્ય પંચાયતમાં ફળવાતાં સન્નાટો

કટકીનો ખેલ કે પછી રાજકીય ચંચૂપાત..?? આવનારા દિવસોમાં મામલો ગરમાઈ શકે છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

ધનસુરા તાલુકાની આકરૂન્દ ગ્રામ પંચાયતમાં ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ હેઠળ રૂા.૮.૬૦ લાખના વિકાસના કામો મંજૂર કરવામાં આવ્યા હતા. વર્કઓર્ડર પણ અપાઈ ગયા હતા ત્યારબાદ એકાએક જિલ્લા આયોજન અધિકારીએ અગાઉ આપેલ પ્રાથમિક મંજૂરી રદ કરી બાપુપુરા ગ્રામ પંચાયતને રૂા.૮.૬૦ લાખની ગ્રાન્ટ ફાળવતાં સન્નાટો મચ્યો છે. આવનારા દિવસોમાં અનેક સરપંચો આ નિર્ણય મુદ્દે મોરચો માંડી શકે છે. કટકીનો ખેલ કે પછી રાજકીય ચંચૂપાત..?? જેવી અનેક અટકળો અત્યારે ચાલી રહ્યો છે. આવનારા દિવસોમાં અન્ય પંચાયતોમાં થયેલાં ભોપાળાં પણ બહાર આવવાની સંભાવના છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ધનસુરા તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતોમાં અગાઉના ચૂંટાયેલા સભ્યો અને કોન્ટ્રાક્ટરોની મીલીભગત અને અધિકારીઓ સાથે જુગલબંધી જગજાહેર છે. કેટલાક વિસ્તારોમાં તો અમને કામ આપો તો તમારી આટલા લાખની ગ્રાન્ટ મંજૂર કરાવી આપીએ તે રીતના કામો થતા હતા. એક રીતે અરવલ્લી જિલ્લામાં વિકાસના કામ ફાળવણીમાં પણ અનહદ ભ્રષ્ટાચારના આક્ષેપ થયેલા છે. મળેલ જાણકારી અનુસાર ધનસુરા તાલુકાની આકરૂન્દ ગ્રામ પંચાયતને ૧૫ ટકા વિવેકાધીન તાલુકા કક્ષા જનરલ જોગવાઈ-૨૦૨૦-૨૧ હેઠળ ફેરફારની યોજનાઓને પ્રાથમિક મંજૂરી આપી તેને તા.૧૫-૪-૨૦૨૦ થી ૧૮-૬-૨૦૨૦ દરમ્યાન વહીવટી મંજૂરી આપવામાં આવી હતી અને તેના વર્કઓર્ડર પણ આપી દેવામાં આવ્યા હતા પછી રાતોરાત એવું તે શું બન્યું કે અગાઉ આકરૂન્દ ગ્રામ પંચાયતમાં પ્રાથમિક મંજૂરી આપેલ કામ રદ કરી દેવામાં આવ્યા અને તે કામો નજીકમાં આવેલી બાપુપુરા ગ્રામ પંચાયતમાં ફાળવી દેવામાં આવ્યાં આવનારા દિવસોમાં કોન્ટ્રાક્ટરો, કેટલાક સભ્યો અને તેમના કહેવાતા આકાઓ અને ગ્રાન્ટની સાંઠગાંઠ કરનારા ઈસમોની વિગતો પણ બહાર આવી શકે છે.

સાબરકાંઠામાં ૧૫૮ શિક્ષણ સહાયકોને નિમણૂકના હુકમપત્રો એનાયત કરાયા

જિલ્લા કલેકટર હિતેષ કોયાના હસ્તે કલેકટર કચેરી ખાતે ૨૦ શિક્ષકોને જયારે અન્ય ૧૩૮ને હિંમત હાઇસ્કૂલ ખાતે હુકમ એનાયત કરાયા

હિંમતનગર, બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

૧ જૂન ૨૦૨૧ના રોજ રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં અંદાજે ૩૦૦૦ જેટલા શિક્ષકોની પારદર્શક ભરતી પક્રિયા આરંભીને આજે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે ગાંધીનગર ખાતેથી નવનિયુક્ત શિક્ષણ સહાયકોને મુખ્યમંત્રી દ્વારા નિમણૂક પત્રો તથા પાંચ પુસ્તકો અપર્ણ કરીને શિક્ષણ જગતમાં એન્ટ્રી કરાવી હતી આ પ્રસંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા રાજ્ય શિક્ષણમંત્રી વિભાવરીબેન દવે અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા મુખ્ય સમારોહ ગાંધીનગર ખાતે યોજાયો હતો. અને બાકીના જિલ્લામાં વિડીયો કોન્ફરન્સીંગ દ્વારા શિક્ષકોના અભિપ્રાયો લીધા હતા અને પ્રેરક ઉદ્બોધન કરી શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સાબરકાંઠા જિલ્લામાં પણ આજે ૧૫૮ શિક્ષણ સહાયકોને નિમણૂકના હુકમપત્રો કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર હિતેષ કોયાના અધ્યક્ષસ્થાને ૨૦ શિક્ષકોને હુકમો એનાયત કરાયા હતા. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી એસ.કે વ્યાસ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હર્ષદ ચૌધરી, નાયબ માહિતી નિયામક અરવિંદ મછાર, કમિશ્નર ઓફ સ્કૂલના પ્રતિનિધિ યામિનીબેન સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા કલેકટર હિતેષ કોયાએ શિક્ષણ સહાયકોને સંબોધતા જણાવ્યું હતુંકે,આપણને સરકારી સેવા કરવાની તક મળી છે. તેમા આપ સૌ ઓતપ્રોત થઇ તન મન ધનથી સેવા કરી જિલ્લાના શિક્ષણ જગતને ઉજાગર કરો તેવી અપીલ કરી હતી. આપ સૌ શિક્ષણ જગત અને તંત્રમાં એન્ટ્રી કરવા જઇ રહ્યા છો તે વખતે આ કોરોના મહામારીની વિપરીત પરિસ્થિતિ છે. આપ અન્ય જિલ્લાઓમાંથી આવો છો પણ હવે નોકરી મળી છેતો જિલ્લાને વતન માની સ્વીકારી શાળાને કર્મભૂમિ બનાવો, નવી ટેકનોલોજી સાથે કદમ મિલાવી આગળ વધશોતો કોઇ રંજ રહેશે નહિ, આવનારી પેઢીને તૈયાર કરવાની મોટી જવાબદારી છે. તેમ કહી સૌને અભિનંદન પાઠવ્યા હતા.

હિંમતનગર શહેરની મધ્યમાં આવેલી હિંમત હાઇસ્કૂલ ખાતે ૧૩૮ સહાયકોને જિલ્લા શિક્ષણાધિકારીના હસ્તે નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. જયાં વિવિધ જિલ્લાઓમાંથી આવેલા શિક્ષણ સહાયકો, તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે સરકારની પારદર્શક ભરતી પક્રિયા અંગે હર્ષની લાગણી વ્યકત કરી હતી.

જન્મદિને વધામણી

રાહુલ પટેલ
બાયડ, જિ.અરવલ્લી

અલ્પેશ પટેલ
વસાદરા, તા.બાયડ

ડૉ.અનિલભાઈ શાહ
(શ્રીજી ચિલ્ડ્રન હોસ્પિટલ)
બાયડ, જિ.અરવલ્લી

કિરણબેન યોગેશભાઈ શાહ
(યમુનાકુંજ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

નિતાબેન ત્રિવેદી
(સામાજીક કાર્યકર, મુંબઈ)
સરડોઈ, તા.મોડાસા

ઉપાસનાબેન ડી. સોની
(પ્રા.શિક્ષક : સરસોલી પ્રા.શાળા)
બાયડ, જિ.અરવલ્લી

જયેશભાઈ સોલંકી
આકરૂન્દ, તા.ધનસુરા



હિત રાજેશભાઈ ભગત
ધનસુરા, જિ.અરવલ્લી